**ક્રિમીનલ કેસ નં.૭૨૫૩/૧૮**

**અમદાવાદ(રૂરલ)ના મહે.૯મા એડી.જયુડી.મેજી.ફ.ક સાહેબશ્રીની**

**કોર્ટમાં,મુ.અમદાવાદ**

**આંક:– ૧૦**

**ગુન્હો :–ધી પ્રોહી કલમ ૬૬(૧)બી,૬૫એએ ,**

## –: ચુકાદો :–

(૧). આ કામે આરોપી સામે ધી પ્રોહી કલમ ૬૬(૧)બી, ૬૫(એ)(એ) મુજબના ગુન્હા અંગે સંબંધીત પો.સ્ટે દ્રારા કોર્ટ સમક્ષ ચાર્જશીટ રજુ કરવામા આવેલ છે. આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસનાં કાગળોની નકલો આપેલી છે. આ કામે આરોપી વિરૂઘ્ધ ચાર્જ ફ્રમ કરી પ્લી રેકર્ડ કરતા પ્રથમ આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ હતો પરંતુ આજરોજ સ્પેશીયલ સીટીંગમાં આરોપીએ હાજર રહી તેઓની સામેનો ગુનો કબુલ હોવાની કબુલાત પુરસીસ રજુ કરી ગુન્હાની કબુલાત કરેલ છે.જે રેકર્ડ કરી સદર આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવે છે. આરોપીની ગુન્હાની કબુલાત ન માનવાને કોઈ કારણ નથી અને તેણે દયાની માંગણી કરેલ છે. તેનો આ પ્રથમ ગુન્હો હોવાનું તે જણાવે છે. હવેથી આવો ગુન્હો નહીં કરવાની તે ખાત્રી આપે છે તથા અમો અમારી ભુલ સુધારવા માંગતા હોવાનું જણાવે છે. આરોપીની કબુલાત પુરસીસ તેની મૌખિક દલીલો ઘ્યાને લેતાં તથા ફરીયાદના ગુન્હાની જોગવાઈ ઘ્યાને લેતાં તેમજ આજ રોજ નેશનલ લોક અદાલતમા સ્પેશીયલ સીટીંગનું આયોજન કરેલ હોય તે ઘ્યાને લેતાં સદર કેસમાં આરોપીને ઓછામાં ઓછો દંડ કરવો મને ન્યાયી અને ઉચિત જણાતુ હોય નીચે મુજબનો છેવટનો હુકમ ફરમાવુ છું.

## –: હુકમ :–

આરોપી વીક્રમભાઈ કરશનભાઈ ઠાકોરને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૪૧ મુજબ ધી પ્રોહી કલમ ૬૬(૧)બી, ૬૫(એ)(એ) મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા.૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો) પુરાનો દંડ ની સજા ફરમાવવામાં આવે છે જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૩ ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે .

આજ તારીખ–૧૪–મી, માહે–ડીસેમ્બર, સને–૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૪/૧૨/૨૦૧૯
સ્થળ : અમદાવાદ(ગ્રામ્ય)

(કુ.એસ.એન ફાળકી)
૯મા એડી.સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક,અમદાવાદ
(ગ્રામ્ય),મીરઝાપુર
**CODE NO.001579**